જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૬/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૦૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૯૫ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૭૧૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૬૮ બિયરટીન, ૦૧ રીક્ષા, ૦૨ સ્કુટર અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૮૦૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૮૦૭/૨૦૨૬**

સોલા હાઇકોર્ટઃ રવિભાઇ હીરાભાઇ દેસાઇ (રહે.જયઅંબેનગર જવાહરનગર પાણીની ટાંકીની બાજુમાં, વાસણા) એ તા.૦૮/૦૬/૨૦૨૬ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ગોતા સેવી સ્વરાજ સ્પોર્ટ્સ ક્લબ સામે આવેલ કોમ્પલેક્ષમાં "શીવ ટ્રાવેલ્સ" નામની ઓફીસ ધરાવી ધંધો કરતા આરોપી અંકિત જેહાભાઇ દરજી (રહે.આશ્રય પ્લેટીના સ્વામિનારાયણ મંદિર પાસે ન્યુ રાણીપ) રવિભાઇ દેસાઇને વિશ્વાસમાં તા.૨૨/૦૨/૨૦૨૬ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન સોલા પ્રસંગ પાર્ટી પ્લોટ ગોગા મહારાજના મંદિર નજીકથી રવિભાઇ દેસાઇ પાસેથી મહિન્દ્રા સ્કોર્પીયો કાર નંબર જીજે.૦૩.પીજે.૭૫૮૨ કિમત રૂપિયા ૭,૫૦,૦૦૦/– તેમજ અન્ય સાહેદ પાસેથી ટોયોટા ફોર્ચ્યુનર ગાડી નંબર જીજે.૧૮.બીએસ.૨૮૮૨ કિમત રૂપિયા ૯,૨૫,૦૦૦/– બંને ગાડીઓ ભાડેથી લઇ જઇ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

નિકોલઃ હરેશભાઈ લક્ષ્મણભાઈ વાડદોરીયા (ઉ.વ.૪૫)(રહે. ગીરીરાજ હોમ્સ, સ્વામિનારાયણ ગુરુકુળ સામે, કળશ રેસીડેન્સીની બાજુમાં, નિકોલ) એ તા.૦૮/૦૬/૨૦૨૬ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે મે/૨૦૨૫ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી નિલેષભાઈ ભગવતરામ ભસમે (રહે. કઠોરા રોડ બાલાજીનગર, વિદર્ભ મહાવિદ્યાલય અમરાવતી મહારાષ્ટ્ર) નાઓ હરેશભાઇ વાડદોરીયાની નિકોલ રાજહંસ સિનેમાં સામે, પેલેટીયમ પ્લાઝા દુકાન નંબર– ૪૧૫, ૪૧૬, ૪૧૭ ખાતેની ઓફિસે આવેલ અને ત્યાં હરેશભાઇ અને નિલેષભાઇ વચ્ચે કોન્ટ્રાક્ટ બાબતે રૂબરૂ મૌખીક વાતચીત કરેલ જેમાં "શ્રી ગોડા મહાનગર પાલીકા" મહારાષ્ટ્ર નો કોન્ટ્રાક અપાવવાનો વિશ્વાસ આપી, હરેશભાઇ વાડદોરીયા પાસેથી રૂપિયા ૧૧,૦૦,૦૦૦/– મેળવી લઇ, આજદિન સુધી કોઇ કોન્ટ્રાક્ટ નહી આપી તેમજ રૂપિયા પરત નહી કરી હરેશભાઇ વાડદોરીયા સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.તીવારી ચલાવે છે.

ગાડીનો કાચ તોડી ચોરીઃ– **સમાચાર યાદી નં.૮૦૮/૨૦૨૬**

ચાંદખેડાઃ ચિરાગભાઈ પ્રફુલભાઈ સુચક (રહે. ઓમટાવર સેટેલાઈટ રોડ સ્ટારબજારની સેટેલાઈટ) એ તા.૦૮/૦૬/૨૦૨૬ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૫/૨૦૨૬ રાતના ૯/૦૦ થી ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન એસ.પી.રીંગ રોડ સ્વિમિંગપુલની બાજુમાં શંભુ કેફે નજીક પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨,૦૦૦/– મળી કુલ રૂપિયા ૩,૨૬,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.યુ.ઠાકોર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૮૦૯/૨૦૨૬**

ચાંદખેડાઃ મેહુલભાઈ અમૃતલાલ ચૌહાણ (ઉ.વ.૪૯)(રહે.શાન્તિકૂંજ સોસાયટી, આઈ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૬/૨૦૨૬ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ડીપ્રેશનની વધુ પડતી ગોળીઓ ખાઇ લીધી હતી. સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૬/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આનંદકુમાર પરષોત્તમભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી